




# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 09 DATE: 01- 08 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ વદ બીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# સુપ્રીમ કોર્ટે પાછલી તારીખથી પર્યાવરણીય મંજૂરી પર રોક લગાવી, કેન્દ્રનો ૨૦૨૧નો આદેશ રદ કરાયો



નવી દિલ્હી: પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ નિર્ણય આપતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૨૧ના તે ઓફિસ મેમોરેન્ડમ (કાર્યાલય સ્મરણપત્ર)ને રદ કરી દીધું છે, જેના હેઠળ પૂર્વ પર્યાવરણીય મંજૂરી વિના શરૂ કરાયેલા પ્રોજેક્ટોને પાછળથી (પોસ્ટ-ફેક્ટો) પર્યાવરણીય મંજૂરી આપવામાં આવતી હતી.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે આવી કોઈપણ છૂટછાટ અથવા રાહત માત્ર કાયદેસર (વૈધાનિક) અધિસૂચના દ્વારા જ આપી શકાય. કોઈ વહીવટી આદેશ અથવા ઓફિસ મેમોરેન્ડમના આધારે પર્યાવરણીય કાયદાઓનું ઉલ્લંઘન કરીને શરૂ કરાયેલા પ્રોજેક્ટોને નિયમિત (રેગ્યુલરાઈઝ) કરી શકાય નહીં.

અદાલતે પોતાના આદેશમાં જણાવ્યું કે વર્ષ ૨૦૧૭ની અધિસૂચના તથા ૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમ હેઠળ હવે કોઈપણ નવી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ઉપરાંત, ભવિષ્યમાં પૂર્વ પર્યાવરણીય મંજૂરી વિના શરૂ કરાયેલા પ્રોજેક્ટોને આ વ્યવસ્થાનો લાભ પણ મળશે નહીં.

તેમ છતાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણયનો પ્રભાવ તેવા પ્રોજેક્ટો પર નહીં પડે, જેમને અગાઉથી જ આ વ્યવસ્થા હેઠળ પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી ચૂકી છે. આવી તમામ અગાઉની મંજૂરીઓ માન્ય અને અમલમાં રહેશે.

ન્યાયાલયે કેન્દ્ર સરકારને એ પણ નિર્દેશ આપ્યો કે જો ભવિષ્યમાં કોઈ વિશેષ પરિસ્થિતિ અથવા જનહિતમાં પોસ્ટ-ફેક્ટો પર્યાવરણીય મંજૂરીની જરૂરિયાત અનુભવાય, તો તેના માટે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૩ હેઠળ કાયદેસર અધિસૂચના બહાર પાડવી પડશે.

પર્યાવરણ નિષ્ણાતોના મતે, આ ચુકાદો પર્યાવરણીય નિયમોના કડક પાલનને સુનિશ્ચિત કરશે તેમજ ઉદ્યોગો અને પ્રોજેક્ટ સંચાલકોને પૂર્વ પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે વધુ જવાબદાર બનાવશે. સાથે જ, આ નિર્ણય પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસના સિદ્ધાંતોને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

જો કે પાંચ વર્ષના સમયગાળામાં જે પ્રોજેક્ટોને મંજૂરી આપવાની હતી તે આપી દેવાઈ ગઈ હશે. હવે કઈ બાકી રહ્યું નહિ હોય.

# વરસાદી વાતાવરણમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ





## અલ્ટ્રાટેક સિમેન્ટ ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તેના પ્લાન્ટનું વિસ્તરણ કરશે.

ખેડા જિલ્લાના સંગોલ ગામે આવેલ વણાકબોરી સિમેન્ટ વર્કસ તેના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહ્યો છે. જે આદિત્ય બિરલા ગ્રુપની મુખ્ય સિમેન્ટ કંપની છે અને ભારતમાં સૌથી મોટી સિમેન્ટ ઉત્પાદક છે કંપની હાલની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૩ મિલિયન ટનથી વધારીને ૬.૫ મિલિયન ટન કરવા જઈ રહી છે. કંપનીએ આ વિસ્તરણ માટેનો ખર્ચ ૪૫૦ કરોડ રૂપિયા અંદાજયોં છે. કંપની વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન પાસે આવેલી છે. તેની પાસે કેપ્ટીવ પાવર પ્લાન્ટ છે. તારીખ ૨૪ મી જુલાઈએ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ. વરસાદી વાતાવરણમાં લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ હતી. જેમાં આસપાસના અસરગ્રસ્ત લોકોની હઝારી ખુબ પાંગળી હતી.





**FOR SALE**

1. G.L Reactor 100 Litter to 10,000 Litter
2. G.L Receiver 100 Litter to 10,000 Litter
3. Cooling Tower 30TR to 600 TR
4. PP. Filter press size 24", 36", 48",
5. PP. Membrane Filter press size 48x48"

Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com






# ગાંધીનગરમાં લઘુ ઉદ્યોગ ભારતીના 'કૌશલ્ય વિકાસ ભવન'નું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું





લઘુ ઉદ્યોગ ભારતી (ગુજરાત પ્રાંત) અને ઉદ્યોગ વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના સેક્ટર-૨૫ સ્થિત ઈલેક્ટ્રોનિક્સ GIDC પરિસરમાં પ્રસ્તાવિત "'કૌશલ્ય વિકાસ ભવન'"નું ભવ્ય ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સંપન્ન થયો.

આ અત્યાધુનિક કૌશલ્ય વિકાસ કેન્દ્ર ગુજરાતના સ્જીસ્ઈ ક્ષેત્રના યુવાનોને સેમિકન્ડક્ટર, માહિતી પ્રૌદ્યોગિકી (IT), ડિજિટલ ટેક્નોલોજી અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ઉભરતા ક્ષેત્રોમાં ઉદ્યોગલક્ષી તાલીમ પ્રદાન કરશે. સાથે જ આ કેન્દ્ર ભારત સરકારના 'સ્કિલ ઈન્ડિયા' અભિયાનને નવી દિશા અને ગતિ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ભૂમિપૂજન અને શિલાન્યાસની વિધિ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અખિલ ભારતીય સંયોજક પૂજ્ય સ્વામી પરમાનંદ સરસ્વતીજી, ગુજરાત પ્રાંત સંઘચાલક ડૉ. ભરતભાઈ પટેલ, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી પ્રકાશચંદ્ર ગુપ્તા તેમજ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ વજુભાઈ વઘાસિયા દ્વારા વૈદિક વિધિ-વિધાન સાથે સંપન્ન કરવામાં આવી.

આ પ્રસંગે ભવનના નિર્માણમાં સહયોગ આપનાર મુખ્ય દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગ ભારતીના હોદ્દેદારો, જનપ્રતિનિધિઓ, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો તથા મોટી સંખ્યામાં અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા.

'કૌશલ્ય વિકાસ ભવન' ગુજરાતના સ્જીસ્ઈ ક્ષેત્ર માટે આધુનિક ટેકનિકલ તાલીમ, ઉદ્યોગને અનુરૂપ કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જનનું એક સશક્ત કેન્દ્ર સાબિત થશે તેમજ આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની મૅનેજિંગ કમિટી



અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની મૅનેજિંગ કમિટીની જાહેરાત થઇ છે. જેમાં પ્રમુખ તરીકે વિમલ જેઠવા, ઉપપ્રમુખ તરીકે બાબુભાઇ પટેલ અને વાલમજી દેસાઈ, માનદ સેક્રેટરી તરીકે નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી તરીકે પી.આર . રાવ , ટ્રેઝરર તરીકે ચંદુ અકબરી તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે ભરત પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રમુખ તરીકે સતત બીજા વર્ષે વિમલ જેઠવાને કાર્યભાર સોંપવામાં આવ્યો છે. એસ્ટેટને પ્રગતિના રાહ પર આગળ ચલાવવાની જવાબદારી તેમને સોંપાઈ છે. અંકલેશ્વર એસ્ટેટ કેટલી વર્ષોથી ક્રિટિકલ પોલ્યુટેડ ઝોનમાં છે. તેને તેમાંથી બહાર કાઢવા માટે ભગીરથ કાર્ય કરવાનું છે. ઉદ્યોગો તેમના પ્લાન્ટનું ખુલ્લા મને વિસ્તરણ કરી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું છે.

ટ્રાન્સપોર્ટનગર પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થાય અને એસ્ટેટમાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવે તેવા પ્રયાસો કરવાના છે. રહેણાંક વિસ્તારમાં પણ ટ્રાફિકનો પ્રશ્ન છે. દબાણનો પ્રશ્ન છે તેને ઉકેલવાનો છે. રહેણાંક વિસ્તાર માટે નવું તળાવ બનાવવાનું છે. રહેણાંક વિસ્તારના પાણીના ભાવ ઘટે તેવા પ્રયાસો કરવાના છે. અંકલેશ્વર નગરપાલિકા કરતા ૬ ગણા ભાવ છે. રહેણાંક વિસ્તાર માટે સારો કોમ્યુનિટી હોલ નથી જેમાં લગ્ન પ્રસંગ જેવા પ્રસંગો કરી શકાય. તે કરવાનો છે. જેમને પ્લોટ નથી મળ્યા તેમને પ્લોટ અપાવવાના છે. તેમાં કોઈનું મનદુઃખ ના થાય તે જોવાનું છે. તેમાં ખરી કસોટી છે. કામદારો માટેનું કેન્ટીન ચાલુ કરવાનું છે. આ ઉપરાંત નવું કંઈક કરી બતાવવાનું છે.

લોકો સમજતા હતા કે પ્રથમ વર્ષ તમને સમજવામાં જાય. પરંતુ હવે તમારા પરફોર્મન્સ ઉપર લોકોની નજર રહેશે.

જો કે કામ કરવામાં તકલીફો છે. કામ નોટીફાઈડ બોર્ડ દ્વારા થાય છે અને ત્યાં તમારા હાથ બંધાયેલા છે. સામાન્ય પ્રજા નોટિફાઇડની કામ કરવાની અને નિર્ણય લેવાની સિસ્ટમથી અજાણ છે.

આપે નિવારણ એપ બનાવી છે. તેની ઉપર શરૂઆતમાં એર કવોલિટી ઈન્ડેક્સ બતાવતો હતો. થોડા દિવસથી તે બંધ થઈ ગયો છે. તેને ફરી કાર્યરત કરો તેવી અપેક્ષા છે.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનું ગાંધીનગરમાં રાષ્ટ્રીય મહા અધિવેશન યોજાયું: સમગ્ર દેશમાં 'પત્રકાર સુરક્ષા કાનૂન' અમલી બનાવવા બુલંદ માંગ



ગાંધીનગર સ્થિત વિશ્વ ઉમિયાધામ ખાતે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ (ABPSS)ના રાષ્ટ્રીય મહા અધિવેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મા ઉમિયાની મંગળ આરતી સાથે શુભારંભ થયેલા આ મહા અધિવેશનમાં દેશના ૨૦ જેટલા રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા, રાષ્ટ્રીય કાર્યકારિણી ના હોદ્દેદારો, રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશભાઈ કાલાવડિયા, રાષ્ટ્રીય મહાસચિવ મહેફુઝ ખાન, અજય પ્રતાપ સિંહ, રાકેશ પરિહાર, મનમોહન સિંહ ,ધવલ માકડિયા, બાબુલાલ ચૌધરી,સમ્રાટ બૌધ, કિશન વેકરીયા તથા પ્રદેશ કક્ષાના હોદ્દેદારો અને વિવિધ રાજકીય ક્ષેત્રના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકારોના હક્કો, તેમની સુરક્ષા અને કલ્યાણકારી યોજનાઓ જેવા ગંભીર મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આયોજિત આ સંમેલનમાં અભૂતપૂર્વ પત્રકાર એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા.

અધિવેશનને સંબોધતા અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશભાઈ કાલાવાડિયાએ સંગઠનની સફર અને ઉદ્દેશ્યો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬માં સુરેન્દ્રનગરના ચોટીલા ખાતેથી નાના પાયે શરૂ થયેલી આ સમિતિ આજે વટવૃક્ષ બનીને દેશના અનેક રાજયોમાં સક્રિય રીતે પત્રકાર હિતમાં કાર્ય કરી રહી છે. વર્તમાન સમયમાં પત્રકારો સામે વધતા જતા જોખમો અને પડકારો સામે રક્ષણ આપવા માટે તેમણે ગુજરાત સરકાર સમક્ષ પત્રકાર સુરક્ષા કાનૂન ઝડપથી અમલમાં મૂકવાની પુરજોશ માંગ કરી હતી અને આ અંગે રાજય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોની વિગતો આપી હતી.

આ રાષ્ટ્રીય મહા અધિવેશનમાં પક્ષપાતથી પર રહીને તમામ મુખ્ય રાજકીય પક્ષોના નેતાઓએ પત્રકારોની સુરક્ષાના મુદ્દે એકસૂરે સમર્થન જાહેર કર્યું હતું. કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા, મંત્રી કાન્તિભાઈ અમૃતિયા, આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકી અને ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈશુદાન ગઢવીએ મેદાનમાં (ગ્રાઉન્ડ ઝીરો પર) કવરેજ કરતી વખતે પત્રકારોને વેઠવી પડતી મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો હતો અને પત્રકારો તથા તેમના પરિવાર માટે વીમા સુરક્ષા, મેડિકલ સહાય અને અન્ય કલ્યાણકારી યોજનાઓ તાત્કાલિક ધોરણે અમલી બનાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

ગુજરાતના ખૂણે-ખૂણેથી આવેલા પત્રકારોના સક્રિય જોડાણથી આ અધિવેશન સફળ બન્યું હતું. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને જામનગર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં પત્રકારોએ હાજરી આપીને પત્રકાર એકતાનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે સંગઠનના અગ્રણી ધવલભાઈ માકડિયાએ ઉપસ્થિત તમામ રાજકીય મહાનુભાવો, દેશભરમાંથી આવેલા પત્રકાર પ્રતિનિધિઓ અને કાર્યક્રમને સફળ બનાવનાર તમામ આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## તંત્રીલેખ

# ચડતી પડતી

ભારત દેવભૂમિ ગણાય છે જ્યાં પ્રકૃતિ એના અનેકાનેક મનોહર રૂપે અભિવ્યક્ત થઈ છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં દર છ મહિને થતાં સર્વેક્ષણ પ્રમાણે તાજેતરના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં ભારતનું રેકિંગ ૩૯મા સ્થાને છે, જે દર્શાવે છે કે આ ઉચ્ચ સંભવિત બિઝનેસની તકનો લાભ લેવામાં આપણો દેશ હજુ ઘણો પાછળ છે. ૧૧૯ દેશ પર કરવામાં આવેલા અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે ભારત સમગ્ર દક્ષિણ એશિયામાં સૌથી મોટું પ્રવાસન અને પર્યટન ક્ષેત્ર છે, પરંતુ તેણે આ ઈન્ડેક્સમાં નિમ્ન મધ્યમ આવક ધરાવતા અર્થતંત્રની જેવું સાવ સામાન્ય પ્રદર્શન કર્યું છે. આમ તો વર્ષ અગાઉના અભ્યાસમાં ભારત ૫૪મા સ્થાને ઘણું નીચું હતું, પરંતુ તેની બરાબર સરખામણી કરી શકાતી નથી કારણ કે ત્યારથી અત્યાર સુધીમાં સૂચકાંકનાં માપદંડ બદલાઈ ગયા છે.ઉદાહરણ તરીકે, ભારત ત્રણ સંસાધનો માટેના અલગ માપદંડોમાં ટોપટેનમાં બિરાજે છે. પ્રાકૃતિક (૬), સાંસ્કૃતિક (૯) અને વ્યવસાય, દવા અને શિક્ષણ માટે મુસાફરી (૯) પર ટોચના દસમાં સ્કોર કરનાર માત્ર ત્રણ દેશોમાંનો એક છે. આ સિવાય પ્રોત્સાહક બાબત એ છે કે બજારભાવની સ્પર્ધાત્મકતાના સંદર્ભમાં ભારત ૧૮મા ક્રમે, હવાઈ ટ્રાફિકની સ્પર્ધાત્મકતાના સંદર્ભમાં ૨૬મા ક્રમે અને જમીન અને બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સંદર્ભમાં ૨૫મા ક્રમે છે. અભ્યાસમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ઈન્ટરનેટ કનેક્ટિવિટી, આરોગ્ય અને સ્વચ્છતા, પર્યાવરણીય ટકાઉપણું અને પ્રવાસન તથા સામાજિક-આર્થિક પ્રભાવ જેવી અનેક બાબતોની મર્યાદા દૂર કરવામાં પ્રગતિ થઈ રહી છે. એકંદર રચાયેલું આ ચિત્ર સૂચવે છે કે કુદરતી સૌંદર્યની સમૃદ્ધિ અને વૈવિધ્ય તથા બહુ-સાંસ્કૃતિકતા ધરાવતા દેશમાં પ્રવાસ અને પર્યટનથી રોજગારની વિશાળ સંભાવનાને જોતાં ભારત હજુ વધુ સારું પ્રદર્શન કરી શકે એમ છે.આપણે ત્યાં પ્રવાસનને સ્વતંત્ર રીતે એટેન્ડ કરનારા પ્રધાનો કે સરકારી અધિકારીઓ નામ પૂરતા જ હોય છે. તેઓ પોતાની જવાબદારીઓને જીવન સમર્પણ માનીને કામ કરતા નથી અને ઉપરછલ્લા દેખાડામાં પોતાની કારકિર્દીના વરસો પાણીમાં વહાવી દે છે. આમ છતાં, ઉપલબ્ધ ડેટા વર્ષ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમનમાં ભારતનો હિસ્સો માત્ર ૧.૫૪ ટકા હતો. જો કે વર્ષ ૨૦૧૧ના આશરે ૦.૬૩ ટકાના આંકડાની તુલનાએ આ વધુ સારું છે, પરંતુ એ હકીકત ધ્યાનમાં રાખવા જેવી છે કે વિદેશી પર્યટકોના આગમનમાં મોટી સંખ્યા તો પ્રવાસી ભારતીયોની જ છે. આ દરમિયાન ભારત દેશ કોઈ રીતે વિશેષ ફાયદો લઈ શક્યો નથી.

# અંકલેશ્વર એસ્ટેટમાં પર્યાવરણના નિયમોનો ભંગ કરતી ૨૩ કંપનીઓને ક્લૉઝર નોટિસ આપવામાં આવી

અંકલેશ્વર: ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની પ્રાદેશિક કચેરી દ્વારા પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરનારા ઔદ્યોગિક એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે. પ્રદૂષણ નિયંત્રણના માપદંડોને ન પાળનારા એકમો સામે બોર્ડ દ્વારા વોટર એક્ટ અને એર એક્ટ હેઠળ ૨૩ ઔદ્યોગિક એકમોને ક્લોઝર નોટિસ ફટકારી દેવામાં આવતા પ્રદૂષણ ફેલાવનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વરસાદને લઈને ઘણી વખત પરિસ્થિતી ઉદ્યોગોના હાથ બહાર જતી રહે છે. તો ઘણી વખત ઉદ્યોગો વરસાદના પાણીનો લાભ લે છે.

GPCB દ્વારા આવનારા દિવસોમાં હજુ પણ વધુ પ્રદૂષણ ફેલાવતા અને નિયમોનો અનાદર કરતા એકમોને શોધીને તેમને પણ ક્લોઝર નોટિસ પાઠવવામાં આવશે.હાલમાં જે કંપનીઓને ક્લોઝર નોટિસ આપવામાં આવી છે તેમને તાકીદે જરૂરી પર્યાવરણલક્ષી સુધારાત્મક પગલાં લેવા અને નિયમોનું પાલન કરવા કડક સૂચના અપાઈ છે. જો આ આદેશો બાદ પણ બેદરકારી દાખવવામાં આવશે, તો કંપનીઓ સામે વધુ કડક કાનૂની રાહે પગલાં તોળાઈ રહ્યા છે.

# ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં ૧૦૯૬ કામદારોનાં મોત બાબતે કોંગ્રેસે સરકારની ઝાટકણી કાઢી

અમદાવાદના વસ્ત્રાલના રામોલ-ગતરાડ નજીક ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં ધડાકામાં મત્યુઆંક વધીને બે આંકડાનો થયો છે. ત્યારે કામની જગ્યાએ સુરક્ષાની બાબતમાં ગુજરાતમાં કામદારોની સ્થિતિ કફોડી હોય તેવો અનુભવ થઇ રહ્યો છે. સમગ્ર દેશમાં કામદારોના મોતની બાબતમાં ગુજરાત અગ્રેસર છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જુદી જુદી ઘટનામાં ૧૦૯૬ નિર્દોષ કામદારોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશમાં ૨૦૨૦થી ૨૦૨૪ સુધી થયેલા ૫૩૫૮ કામદારોના મોતમાંથી ફક્ત ગુજરાતમાં ૨૦ ટકા મોત થયા છે. ઘટના બન્યા બાદ દરેક વખતે તપાસનું નાટક થાય છે, પરંતુ જવાબદાર કોણ એ તંત્ર નક્કી કરી શકતું નથી એવો દાવો કોંગ્રેસે કર્યો છે. કુલડીમાં ગોળ ભાગવામાં આવે છે. ફક્ત સમય પસાર કરવામાં આવે છે. માનવ જીંદગી સાથે ચેડાં કરનારા, જોખમમાં મૂકનારા માલિકો-કોન્ટ્રાક્ટરો, ગેરકાયદે ફેક્ટરી-કારખાનાઓ પર કડક પગલાં ભરવા, અમદાવાદ સહિત વિવિધ દુર્ઘટનાઓમાં તંત્રની બેદરકારી સામે પગલાં ભરવા અને હાઈ-રિસ્ક ઔદ્યોગિક ઝોનમાં ફરજિયાત નોંધણી અને વીમા કવચ આપવાની માગ કોંગ્રેસે કરી છે.

કોંગ્રેસ પ્રવક્તા ડો. હિરેન બેંકરે કામના સ્થળ પર શ્રમિકોના મોતનાં મામલે સંસદમાં રજૂ થયેલા આંકડા દર્શાવીને જણાવ્યું છે કે, વારંવાર બનતી દુર્ઘટનામાં નિર્દોષ કામદારો મોતને ભેટે છે અને ભાજપ સરકાર માત્ર ચલક-ચલાણું રમી રહી છે. કામદારોના ભોગે ઊભું થયેલું આ 'વિકાસ મોડલ' કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય હોવું જોઈએ નહીં એમ જણાવી તેમણે કહ્યું કે, ઔદ્યોગિક રીતે અગ્રણી ગણાતા મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાતમાં આ પાંચ વર્ષમાં ૨૩૭ વધુ કામદારોનાં મોત નિપજ્યાં છે.

## અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવ સાથે દબાણો હટાવવા પ્રયાસ કરાયો

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના રહેણાંક વિસ્તારમાં નોટીફાઇડ એરીયા ઓથોરિટી અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરાય હતી તો તંત્રએ ગેરકાયદે દબાણ દૂર કર્યા હતા. અંકલેશ્વર GIDC વિસ્તારમાં ૩૦ મી જુલાઈએ નોટિફાઈડ ઓથોરિટી અને પોલીસ દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને જાહેર માર્ગોને દબાણમુક્ત બનાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન પોલીસે વિશેષ ટ્રાફિક ડ્રાઈવ યોજી વિવિધ વાહનોનું ચેકિંગ કર્યું હતું. ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત નિયમોનો ભંગ કરતી કારોના કાચ પર લગાવવામાં આવેલી બ્લેક ફિલ્મ પણ ઉતારવામાં આવી હતી.

આ સાથે નોટિફાઈડ ઓથોરિટીએ પોલીસની હાજરીમાં મુખ્ય માર્ગ પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. જોગર્સ પાર્કથી લઈને જલધારા ચોકડી સુધીના માર્ગ પર કરવામાં આવેલા દબાણો દૂર કરીને રસ્તાને અવરોધમુક્ત બનાવવામાં આવ્યો હતો.અધિકારીઓના જણાવ્યા અનુસાર આવી સંયુક્ત કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

જો કે ભૂતકાળના અનુભવો એવું કહે છે કે બધું ખુબ ઝડપથી હતું તેવું થઇ જાય છે. કોઈ કાયમી ઉકેલ શોધવામાં તંત્ર નિષ્ફળ ગયું છે.

## કોસંબાની હદમાં હાઈવે પર કેમિકલ ચોરીનું હાઈટેક રેકેટ પકડાયું

નેશનલ હાઈવે નંબર ૪૮ પર કેમિકલના ટેક્રરોમાંથી કેમિકલ ચોરી કરવાના કાળા કારોબારનો સુરત ગ્રામ્ય LCB પોલીસે પર્દાફાશ કર્યો છે. કોસંબાની હદમાં આવેલી વિજય પેલેસ હોટલના પાર્કિંગમાં ચાલી રહેલા કેમિકલ ચોરીના ગોરખધંધા પર દરોડો પાડી પોલીસે ટેક્રર ચાલક સહિત ૪ આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે ઘટના સ્થળેથી ટેક્રર, કેમિકલ, ઓમની વાન અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૬૩.૭૧,૬૭૦નો માતબર મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પકડાયેલા ઈસમોને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, સુરત હજીરા પોર્ટથી ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ થતા કિંમતી એનિલીન કેમિકલ ભરીને સાયખા GIDC તરફ જઈ રહેલા ટેક્રર (GJ-12-AT-6243)ના ચાલક સોહિલ અબ્દુલભાઇ ડોસાણીએ મુખ્ય સૂત્રધાર હિંમત પૃથ્વીરાજ ખટીક (રહે. પીપોદરા, જિ. સુરત) સાથે મેળાપીપણું રચ્યું હતું. હાઈ વે પર રાત્રિના અંધારાનો લાભ લઈ ટેક્રરમાંથી ૨૦૦ લિટર કેમિકલ ચોરી કરવા બદલ ટેક્રર ચાલકને સ્થળ પર જ રૂપિયા ૧૫,૦૦૦ની રોકડ ચૂકવી દેવામાં આવતી હતી. આ કેમિકલ ચોરીનું નેટવર્ક એટલું ચુસ્ત હતું કે પાર્કિંગ બહાર પોલીસ કે અન્ય કોઈની નજર ન પડે તે માટે હોટલના વોચમેન રજાકખાનને રૂપિયા ૪૦૦ આપી વોચ ગોઠવવામાં આવતી હતી.

જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૨૩.૯૬ મેટ્રિક ટન એનિલીન કેમિકલ કિંમતરૂપિયા ૩૫.૯૪ લાખ, રૂપિયા ૨૫ લાખનું ટેક્રર, રૂપિયા ૧.૫ લાખની મારુતિ ઓમની વાન (GJ-16-BB-1659) અને ચોરી કરેલું કિંમતી કેમિકલ સામેલ છે. સુરત ગ્રામ્ય ન્ઝમ્ના પી.આઈ. એન.જી. પાંચાણીની સૂચના મુજબ સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી આ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પકડાયેલા અન્ય આરોપીઓમાં ઓમની વાનચાલક જગદીશચંદ્ર ખટીકનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય એક ટેક્રર ચાલક મુકેશ અને સંપર્ક કરાવનાર ઈમરાન નામના બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી પોલીસે મોબાઈલ ફોનના આધારે વધુ તપાસ હાથ ધરી છે.





ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# જીઆઈડીસી દ્વારા અંકલેશ્વર એસ્ટેટના ૫૦૦ ક્વોટર્સ ના મકાનો જર્જરિત અને જિખમી હોવાની નોટિસ લગાડવામાં આવી






તાજેતરમાં અંકલેશ્વર એસ્ટેટમાં આવેલ ૫૦૦ ક્વોટર ખાતે ગલીઓમાં જીઆઈડીસી દ્વારા ઠેર ઠેર એક નોટીસ લગાડવામાં આવી છે. નોટિસ લોખંડની અંગલો ઉપર વ્યવસ્થિત રીતે લાંબા સમય સુધી જળવાઈ રહે તે રીતે લગાડવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે કવાટર્સની સ્થળ ચકાસણી દરમિયાન અત્યંત જર્જરિત તથા જોખમી હાલતમાં હોવાનું ધ્યાને આવેલ છે. ચોમાસાની ઋતુ દરમિયાન આવા જર્જરિત કવાટર્સનો કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવો અથવા તેમાં રહેવું જાનમાલ માટે જોખમકારક બની શકે છે.

આથી અંકલેશ્વર જીઆઈડીસી વસાહતના તમામ રહેવાસીઓ, પૂર્વ ફાળવણીધારકો / ભાડુવાતિઓ તેમજ સામાન્ય જનતાને જાહેરમાં જાણ કરવામાં આવે છે કે જર્જરિત અને જોખમી હાલતમાં આવેલ કવાટર્સમાં કોઈપણ વ્યક્તિએ રહેવું, પ્રવેશ કરવો, માલ-સામાનનો સંગ્રહ કરવો અથવા અન્ય કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવો નહીં. જો કોઈ વ્યક્તિ આ જાહેર નોટિસ છતાં આવા જર્જરિત કવાટર્સમાં પ્રવેશ કરશે અથવા તેનો ઉપયોગ કરશે અને તેનાથી કોઈપણ પ્રકારની જાનહાનિ, ઈજાઓ અથવા મિલકતને નુકસાન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વ્યક્તિની પોતાની રહેશે અને તે અંગે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. જાહેર હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને જરૂર જણાય તેવા જર્જરિત કવાટર્સને નિગમ દ્વારા કોઈપણ સમયે સીલ કરવાનું, ખાલી કરાવવાની અથવા દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ જાહેર નોટિસને અંતિમ ચેતવણી તરીકે ગણવામાં આવે.

થોડા વર્ષો અગાઉ ૫૦૦ કવૉટર્સનો એક બ્લોક બેસી ગયો હતો. તેને પછી ઉતારી લેવાયો હતો અને ત્યાં નવા મકાન બનાવવામાં આવ્યા છે.

# અંકલેશ્વરમાં વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવા રજૂઆત




ગુજરાતના સૌથી વધુ ધમધમતા રેલવે સ્ટેશનોમાંનું એક અંકલેશ્વર રેલવે સ્ટેશન છે. અંકલેશ્વર રેલવે સ્ટેશન પર વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને નિયમિત બે મિનિટનું સ્ટોપેજ ફાળવે તેવી માંગ સાથે અંકલેશ્વર નોટિફાઈડ એરિયાના લોકો દ્વારા લેખિત રજૂઆત કરી છે.

અંકલેશ્વર ગુજરાતનું અગત્યનું ઔદ્યોગિક શહેર છે. જ્યાં મોટી સંખ્યામાં લોકો બીજા જિલ્લામાંથી અને રાજ્યમાંથી નોકરીધંધા અર્થે આવે છે. તેમાં ઉત્તરગુજરાતના લોકોનું પણ મોટું પ્રમાણ છે. તેમાં મહેસાણા, વડનગર, વિસનગર, ઊંઝા સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં જવા-આવતા મુસાફરોની સંખ્યા નોંધપાત્ર છે. ટ્રેન મધ્યમવર્ગના લોકો માટે આશીર્વાદરૂપ છે. પરંતુ આ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવામાં આવે તેવી લોક માંગ છે.

આ ટ્રેનને ભરૂચ ખાતે ઉભી રહેતા લોકોને ભરૂચ સુધી ૨૦ કિલોમીટર લાંબો ધક્કો ખાવો પડે છે તેમજ રાત્રીના સમયે ટ્રેનમાંથી ઉતારીને ભરૂચથી કોઈ સાધન ના મળતું હોવાથી ખર્ચ અને સમય બંનેનો વ્યય થાય છે. અંકલેશ્વર રેલવે સ્ટેશન પર વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસને નિયમિત બે મિનિટનું સ્ટોપેજ મંજુર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ નિર્ણયથી દક્ષિણ અને ઉત્તર ગુજરાત વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરો ને સીધો લાભ મળશે.

અત્યારે આ ટ્રેન અંકલેશ્વરના લોકો માટે નિરર્થક બની ગઈ છે. તેને જોઈને જીવ બાળવા જેવું થાય છે. તેનો કોઈ અર્થ રહેતો નથી. આ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ અપાતા રેલવે ખાતાને પણ આર્થિક લાભ થશે. તે વાત નક્કી છે.

વર્ષોથી અંકલેશ્વર નોટીફાઈડ અને આસપાસના ગામના લોકો વિવિધ સંસ્થાઓ દ્વારા ધારાસભ્ય, સંસદસભ્ય, કલેક્ટર, રેલવે મંત્રાલયને આવેદનપત્રો આપી પોતાની વેદના વ્યક્ત કરી રહ્યા છે પરંતુ તેમની વાત ધ્યાનમાં લેવાતી નથી. તાજેતરમાં જાગૃત નાગરિક પોપટભાઈ પટેલે ફરી સૌને પત્ર દ્વારા જાણ કરીને પ્રશ્ને વાચા આપવા પ્રયાસ કર્યો છે. રેલવે મંત્રાલય તેમની વાતને ધ્યાનમાં લઈને વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને અંકલેશ્વર ખાતે નિયમિત બે મિનિટનું સ્ટોપેજ ફાળવાય તેવી અપેક્ષા છે.

# મૌર્ય એન્વાયરો કંપનીએ નિયત મર્યાદા કરતા ૫૫ હજાર ટન વધુ જોખમી કચરો ઠાલવ્યો

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જમીયતપુરા ગામે આવેલી કોમન હેઝાર્ડસ વેસ્ટ ડિસ્પોઝલ ફેસિલિટી ચલાવતી મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે. વારંવારની સૂચનાઓ અને ભૂતકાળમાં અપાયેલા ક્લોઝર ઓર્ડર છતાં પર્યાવરણીય નિયમોના વારંવાર ઉલ્લંઘનને લઈને કંપનીને તાત્કાલિક અસરથી બંધ કરવા અને તેનું વીજ જોડાણ કાપી નાખવા જીપીસીબીના મેમ્બર સેક્રેટરી દીપાલી ટાંક દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

બાલાસિનોરના જમીયતપુરા ગામમાં આવેલી મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડની મે થી જુલાઈ ૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલી પાંચથી વધુ આકસ્મિક તપાસમાં કંપનીની ગંભીર બેદરકારીઓ સામે આવી હતી. સૌથી ગંભીર બાબત કંપનીએ તેની મંજૂર ક્ષમતા ૪,૮૫,૪૫૬ મેટ્રિક ટન સામે આશરે ૫,૪૦,૯૩૯ મેટ્રિક ટન જોખમી કચરો સ્વીકારીને નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું છે. આ ઉપરાંત, કંપનીનું એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ હાલતમાં મળી આવ્યું હતું અને ઝેરી પાણી (લીચેટ) ના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી.

આ આદેશ મુજબ જો કંપની ૪૮ કલાકમાં તેની પ્રોસેસ સેફ્ટી સાથે પ્લાન્ટ બંધ નહીં કરે તો તેની સામે વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ પર્યાવરણના ભોગે નફો કરતી કંપનીઓ માટે દાખલારૂપ કાર્યવાહી કરી છે.

STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
• All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
• Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
• PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
• All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US? 15+ Years of Experience, Industry Versatile, Technology-Driven & Future-Ready
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
• ESG Reporting
• Carbon, Water & Green Credit Advisory
• GHG Accounting & Carbon Footprint Studies
• Sustainability & BRSR Reporting
• Environmental Product Declarations (EPD)
• Environmental Consulting & Due diligence
• Energy & Water Audits
OUR CLIENT: adani, IndianOil, BKT, Reliance, TATA, ONGC, NIREX, POLYCAB, LARSEN & TOUBRO, zydus, BOROSIL, UPL, SUZLON, GOLDI SOLAR
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002